ખેડૂતોનાં
દેવાંકાપના કાયદાની સમજણ

લેખક :

ઇંદુલાલ યાજ્ઞિક

કિંમત બે પૈસા

તમારી ફરિયાદો ને સલાહ માટે

નીચેની કોઈ પણ કિસાનસભાને ખબર આપો

ગુજરાત પ્રાંતક કિસાનસભા
પ્રાર્થનાસમાજ : આસ્ટોડિયા રોડ
અમદાવાદ.

સોમનાથ જેસંગદાસ પટેલ
મુ. **બાવળા** (તા. ધોળકા)

ખેડા જિલ્લા કિસાનસભા.
કિસાનભવન, **ઉમરેઠ**

પીતાંબર મગનલાલ ત્રિવેદી
મુ. **મહેળેલ**
(નડિયાદ થઇને)

મોહનજી ઝીણાજી પઢિયાર
મુ. **મુજકુવા**
પોસ્ટ આસોદર.

લક્ષ્મીશંકર પંડયા
મંદિર પાછળ, મુ. **ડાકોર**

ડી. એમ. પાંગારકર
મુગલીસરાઇ, મુ. **સુરત**

રામજીભાઇ ચૌધરી
માંગરોળ તાલુકા કિસાનસભા
ઘંટી સામે, **વાંકલ**
[કોસંબા થઇને]

ઠાકોરભાઇ કહાનદાસ પટેલ
એન્ડરસન રોડ,
મુ. **વલસાડ**

છોટુભાઇ શુકલ
મુ. **વેમાર**
મિયાંગામ કરજણ

ઝવેરભાઇ પટેલ
મુ. **ગુસર**
પો. વેજલપુર (પંચમહાલ)

રામચંદ્ર કાશિક
પશ્ચિમ પંચમહાલ કિસાનસભા
પોલીસગેટ નં. ૧ પાસે,
મુ. **ગોધરા**

જમનાદાસ કોંટ્રાકટર
ખેડૂતસભા ઓફિસ,
મુ. **સંખેડા**

ઝીણાભાઈ આર્ય
માતર તાલુકા કિસાન સભા મુ. **હેરંજ** (પોઃ ખાંધલી)

ખેડૂતોના દેવામાં રાહત આપવાનો જે કાયદો મુંબાઇની ધારાસભાઓમાં મહાસભાવાદી પ્રધાનમંડળે પસાર કરાવ્યો હતો તેને હવે ના૦ વાઇસરોયે જાનેવારીની ૩૦ મી તારીખે સંમતિ આપી છે અને તે મુંબાઇ સરકારના ગેઝેટમાં પ્રગટ થયો છે. થોડા વખતમાં સરકાર ઠરાવશે તે તારીખથી તે અમલમાં મુકાશે અને પછી તે મુજબ દરેક તાલુકાના સર્કલમાં (વિભાગમાં) સરકાર દેવાંની તપાસ માટે કમિટીઓ નીમશે. તે કમિટીઓ ખેડૂતોના તમામ જુનાં ને નવાં દેવાંનો તેમજ હુકમનામાંનો ફડચો કરશે અને હાલમાં જે દાવા અને દરખાસ્તો કોરટમાં હશે તે પણ આ કમીટીને ફેંસલા માટે સોંપાશે.

આ કાયદાનો ખરો અર્થ સમજવાને તેમજ પૂરો લાભ લેવા માટે તેની પાછળનો ઇતિહાસ સમજવો જોઇશે.

દેવાંનું ભારણ

કેટલાંયે વરસથી સર્વે તટસ્થ વિચારકોએ તેમજ રાજકીય મંડળોએ કબુલ કર્યું છે કે હિંદુસ્થાનના ખેડુતોને માથે દેવાંનું જે મોટું (આશરે ૧૫૦૦૦ કરોડનું) ભારણ વધ્યું છે તેમાં સખ્ત કાપ મુકયા સિવાય ખેડુતની ને ખેતીની સ્થિતિમાં સુધારો થઇ શકશે નહિ. દેવાંનો જીવલેણ ભાર કમી થાય તો જ ભાંગેલો ખેડુત કાંઇક આરામ મેળવી

ટટાર થાય—જમીન બીજ ને ખેતી સુધારવા માટે જરૂરી નવી રકમ તેને મળી શકે—એકને બદલે બે ચાર કણ ઉગે—અને હિંદુસ્તાનની સપાટાબંધ વધતી જતી વસ્તીનું કંઇક ઠીક પોષણ થવાનો સંભવ રહે. થોડાં વર્ષ પર અમેરીકામાં દેવાં વધી ગયાં ત્યારે સરકારે તેમાં કાપ મુકવાને ખાસ કાયદો કર્યો હતો. તેવું કંઇક કરવાની ઘડી અહીંયાં આવી પહોંચી છે એમ મનાવા લાગ્યું.

ખેડુતોનાં બંડ

સન ૧૮૪૮ માં બંગાલાના સંથાલ લોકોએ શાહુકારોના ત્રાસથી વીફરીને બંડ કર્યું. તે પછી ગુજરાત અને મહારાષ્ટ્રમાં શાહુકારોના નાક કાન કપાતાં અને ખુન થતાં. સન ૧૯૭૫ માં કેટલાંક ગામોના ખેડુતોએ શાહુકારોના જુલમથી ત્રાસીને તેમના ઘરમાં ઘુસી જઇને ઠેર ઠેર ચોપડા અને દસ્તાવેજો બાળી નાંખ્યા ત્યારે જીવલેણ દેવાના સવાલ તરફ સરકારનું ધ્યાન ખેંચાયેલું. દખ્ખણના બંડ વિષે તપાસ કરવાને તેણે કમીટી નીમી, તેના હેવાલમાં શાહુકારોની તરફીઓનું આબે હુબ બ્યાન કરવામાં આવ્યું અને તેની ભલામણથી દખ્ખણના ખેડુતોનો કાયદો થયો છે. ગુજરાતને પણ છપ્પનીઆના દુકાળ પછી, સન ૧૯૦૨ પછી એ લાગુ પાડવામાં આવ્યો. પણ ઘણા કારણોથી તેની ધારેલી અસર થઈ નહિ અને દેવાંનો ડુંગર ખેડુતોને માથે વધતોજ ગયો.

મહાસભાની નીતિ

સન ૧૯૩૧ માં કરાંચી ખાતે મળેલી મહાસભાએ જેમ ખેડૂતોના મહેસુલ ને સાંથમાં તેમ દેવાંમાં કાપ મુકવાની માંગ કરી. સન ૧૯૩૬ ના એપ્રિલ માસમાં પહેલી અખિલ હિંદ કિસાન પરિષદ મળી, તેણે દેવાંનો રાક્ષસી ભાર નાબુદ કરવાની હાકલ કરી. તે જ સાલના ડીસેમ્બર માસમાં ફઇઝપુરમાં મળેલી મહાસભાએ દેવાં વિષે નીચેની નીતિ જાહેર કરી:—

(૧) ખેડૂતોને કચડી નાખતો દેવાંનો બોજો ચોખ્ખો થવો જોઇએ અને આ બાબતમાં તપાસ કરવાને ખાસ અદાલતો નીમવી જોઇએ.

(૨) જે દેવાં અન્યાયી અથવા ખેડુતથી ન આપી શકાય એવાં હોય તે રદ કરવાં જોઇએ.

(૩) ઉપર મુજબની કારવાહી થાય ત્યાં સુધીમાં દેવાંની વસુલાત મુલતવી રાખવી જોઇએ અને ખેડુતોને સસ્તે દરે નાણાં ધીરવાની યોજના કરવી જોઇએ.

રાહતનો કાયદો

પછીથી ૧૯૩૭ ના જુલાઈ માસમાં મહાસભાવાદી આગેવાનોએ પ્રધાનપદ સ્વીકાર્યાં. એટલે તરત જ રાહતના પહેલા પગથિયા તરીકે ઉપરની ત્રીજી કલમમાં જણાવ્યા મુજબ ખેડુતોનાં તમામ હુકમનામાંની અમલ બજાવણી—અર્થાત બધી જપ્તી વેચાણ બંધ કરવાની ચળવળ દેશભરમાં ઉપડી. તે માટે હજારો ખેડુતોની કુચો બીજા તેમજ આપણા પ્રાંતોમાં પણ ગોઠવવામાં આવી. પુના (ઓગસ્ટ ૧૯૩૭) અને મુંબઇમાં (૧૦ જાનેવારી ૧૯૩૮) હજારો ખેડુતોએ દેવાંની વસુલાત બંધ રાખવાની ગગન ભેદી ગર્જનાઓ કરી. ને ૧૯૩૮ ના જાનેવારીની ૧૨ મી તારીખે—મુંબાઇની કુચ પછી બે દિવસમાં—નાના ખેડુતોની સ્થાવર જંગમ મિલ્કતની જપ્તી વેચાણ એક સાલ માટે બંધ રાખવાનો કાયદો જાહેર કરવામાં આવ્યો.

ખેડૂતોને તરત કંઇક રાહત મળે, તેમના જીવમાં જીવ આવે, તેની આંખ આગળ આશાનાં કંઈ કિરણ ઝબકે—અને વળી દેવાંમાં કાયમની કાપકુપ મુકવાનો કાયદો થાય ત્યાં સુધીમાં તેમની જમીનો અને માલમિલ્કત શાહુકારો જપ્તી કરીને લૂંટી ન લે એવી એ કાયદાની નેમ હતી. આવી રાહત તરત ન મળે તો શાહુકારો

આગળથી ચેતીને ખેડુતોને જમીનો ફરી પાછી અપાવી દે; ને માથું કપાય પછી પાઘડી બંધાવે તેથી શો ફાયદો ?

આ કાયદો ૧૯૩૮ની શરૂઆતમાં પસાર થયો ત્યારે, તે જ સાલની આખર સુધીમાં દેવાંમાં કાપ મુકવાનો કાયમનો કાયદો પસાર કરવાની પ્રધાનોની મુરાદ હતી. પણ ઘણાં કારણસર તેમ બની શક્યું નહિ. તેથી જમીનો બંધ કરવાના કાયદાની મુદત ૧૯૪૦ ના માર્ચની ૩૧મી તારીખ સુધી લંબાવવી પડી.

કાપનો કાયદો

છેવટે ૧૯૩૯ ના પાછલા ભાગમાં દેવામાં કાપ મુકવાનો કાયદો બંને ધારામંડળોમાં પસાર થઇ ગયો. પછી શાહુકારોએ તેની સામે બુમરાણ ઉઠાવી તેથી તેને બહુ ચર્ચાસ્પદ ગણીને ગવર્નરે વાઇસરોયને મંજુરી માટે મોકલી આપ્યો. તે મંજુરીની મહોર હવે આ કાયદા પર વાગી ગઇ છે. તેથી હવે તેના મુખ્ય મુદ્દા દરેક દેણદાર ખેડુતે બરાબર સમજવાની જરૂર છે.

પ્રથમ તો એ સમજવાની જરૂર છે કે આ કાયદો મંજુર થઇ ગેઝેટમાં પ્રકટ થયો તેથી તે હજી અમલમાં આવ્યો નથી. પહેલી જ કલમ પ્રમાણે હવે મુંબઇ સરકાર ગેઝેટમાં નોટીસ કાઢી જે તારીખ ઠરાવશે ત્યારથી જ તે ખરેખર અમલમાં આવશે. તેથી ખેડુતોએ હવે તેને અમલમાં મુકવાની વહેલામાં વહેલી તારીખ ઠરાવી પ્રગટ કરવા સરકારને આગ્રહ કરવો જોઇશે.

પણ અમલની તારીખ આમ બહાર પડે તેથી ખેડુતનું કામ પુરું સરે નહિ. આ કાયદા મુજબ દરેક તાલુકાને અમુક ત્રણ ચાર વિભાગમાં વહેંચી નાખ્યો છે ને દરેક માટે ખેડુતોને દીલસોજીથી ન્યાય આપે એવા બાહોશ અને નિઃસ્વાર્થી માણસોની કમીટીઓ દેવાનો નિકાલ કરવાને નીમવાની છે. તો દરેક તાલુકાના દરેક વિભા-

ગમાં યોગ્ય માણસોની આવી કમીટીઓ સત્વર નીમાય તે માટે ચળવળ ચાલુ રાખવી જોઇશે.

ખેડુત કોણ? દેવું કયું?

હવે ખેડુત કોણ અને દેવું કોને કહેવું એ આ કાયદામાં સમજાવ્યું છે. ખેડુતમાં ખાતેદાર તેમ જ સાંથે ભાગે ખેડનાર સર્વનો સમાવેશ થાય છે. કોઇ સાથે સાથે બીજો કોઇ ધંધોરોજગાર કરતો હોય તેમને માટે જણાવ્યું છે, કે ખેતી કે મજુરી સિવાયના ધંધામાંથી કુલ આવકના પાંચમા ભાગથી કે રૂ. ૨૦૦ થી વધારે આમદાની ન હોય તો તેને ખેડુત ગણવામાં આવશે; ને તેવી ખેતી કરનાર સંયુક્ત કુટુંબ પણ ખેડુત ગણાશે.

દેવામાં ખાતાંપતરાંની ને પ્રોમીસરી નોટની (હાથ મુચરકાની) રકમનો સમાવેશ થાય. વળી રકમ લેતી વખતે જમીન કબજા સાથે કે તે વગર ગીરો મુકી હોય તે દેવું જ ગણાશે. અને કોર્ટમાં જે હુકમનામાં પત્યાં ન હોય તે પણ દેવામાં જ ગણાશે. માત્ર મજુરીના પૈસા કોઇના લહેણા રહ્યા હશે તેનો દેવામાં સમાવેશ થશે નહિ.

ખેડુતનાં તમામ માગણામાં કાપકુપ મુકવાનો કાયદાનો હેતુ નથી. તેથી તેમાંથી કેટલાક બારણુને બાતલ રાખ્યાં છે. પ્રથમ તો સરકારી મહેસુલ, તગાવી કે એવા બોજા દેવામાં નહિ ગણાય. તે જ પ્રમાણે લોકલ બોર્ડ, મ્યુનિસિપાલીટીનાં ને સહકારી મંડળીનાં દેવાંને પણ આ કાયદામાંથી બાતલ રાખ્યાં છે. ખાસ કરીને યાદ રાખવું કે ૧૯૩૯ ના જાનેવારીની પહેલી તારીખ પછી ખેતી ચલાવવા માટે બીયાંવાની કે એવી જે રકમ ધીરવામાં આવી હોય તેને પણ આ કાયદો અડકશે નહિ.

ફડચાની કમીટી

આ કાયદો અમલમાં મુકાયા પછી સરકાર એક અમલદાર અથવા ઓછામાં ઓછા ૩ અને વધારેમાં વધારે ૫ ખાનગી ગૃહ

સ્થોની કમીટીઓ નીમશે. હાલની ખબર પ્રમાણે દરેક તાલુકાના એક એક સર્કલ-વિભાગ માટે જુદી જુદી કમીટીઓ કે અમલદાર બધાં દેવાંનો ફડચો કરવાને નીમાશે અને તેમને સાધારણ કોરટની માફક સાક્ષીઓ બોલાવવાની તેમ જ જોઇતા કાગળો અને ચોપડા વગેરે મંગાવવાની પૂરી સત્તા રહેશે. ખાસ સંજોગોમાં આ કમીટીઓના ચુકાદા સામે પહેલા વર્ગના મુન્સફને કે જીલ્લા જજને અપીલ કરી શકાશે.

કોઇ વિભાગમાં આવી કમીટીની નીમણુંક જાહેર થતાંવાર જ ખેડુતોનાં દેવાંના સર્વે કેસની સુનાવણી, જુનાં હુકમનામાંની અમલબજાવણી અને તે સંબંધી તમામ કારવાઈ દીવાની કોર્ટમાં બંધ પડશે અને એ તમામ કામ નવી કમીટીને સોંપવામાં આવશે.

કમીટીને અરજી

આવી કમીટીની જાહેરાત થયા પછી ૧૮ માસની અંદર દરેક ખેડુત અને લહેણદાર પોતાના દેવાં લહેણાંની વિગત રજુ કરીને તેનો ફડચો કરવાને અરજી કરી શકશે. આ અરજીને હિસાબ લેવાના કે લહેણાનો દાવો ગણીને તેનો ફેંસલો કરી શકાશે.

વળી આ કાયદો અમલમાં મુકાયા પછી ખેડૂત પોતાની ઉપર નીકળતાં તમામ લહેણાનો આંકડો શાહુકાર પાસેથી માગી શકશે. આ સંબંધી નોટીસ આપ્યા બાદ મહિનાની અંદર તેના હિસાબની એક નકલ શાહુકાર કમીટીને અને એક નકલ ખેડુતને મોકલી આપશે. જો નહિ મોકલે તો તે ઉપરથી ઘટતો ખ્યાલ કમીટી ફડચો કરતી વખતે બાંધી શકશે.

હવે, જે લહેણદાર ૧૮ માસની અંદર પોતાના દેવાને વિષે કમિટી આગળ અરજી નહિ કરે તેનું તમામ લહેણું ડુબી જશે અને તે વિષે પછીથી કંઈ ફરિયાદ ચાલી શકશે નહિ. આથી ચોપડા કે ખત પરથી નીકળતાં લહેણાં વસુલ કરવાની અરજીઓ તો લહેણ-

દારો જ કરશે તેથી તે વિષે કંઈ ચિંતા ખેડુતોએ રાખવાની જરૂર નથી.

ગીરો છોડાવવા અરજી

છતાં ખેડુતોએ એ બાબતમાં અરજી કરવાને ખાસ સાવચેત રહેવું જોઈશે.

(૧) ઘણા ખેડુતોએ કે તેમના વડીલોએ જમીન ગીરો મુકેલી હોય છે, તેનો કબજો પણ શાહુકારોને સોંપ્યો હોય છે અને કવચિત આ જમીનો જાણે શાહુકારની જ થઇ ગઇ હોય એમ સરકારી ચાલુ રેકર્ડમાં જણાય છે. આવી બાબતોમાં ખેડુતોએ મૂળ રેકર્ડની નકલ તપાસીને મૂળ ગીરો દસ્તાવેજોની નકલ મેળવવી પડશે અને જો તે ૬૦ વરસની અંદરના માલમ પડે તો તે આ નવી કમીટી આગળ રજુ કરીને તેનો આજ સુધીનો હિસાબ લેવાને અને જમીન છોડાવીને તેનો કબજો મેળવવાની અરજી કરવી પડશે.

(૨) વળી ૧૯૨૭ના જાનેવારીની પહેલી તારીખ પછી જમીનના વેચાણ દસ્તાવેજ થયા હોય તો તેની પાછળનો હિસાબ ખોલાવી તેને ગીરો ઠરાવવાને અને તે જમીન છોડાવીને તેનો કબજો લેવાને પણ ખેડુતોએ આ કમીટી આગળ અરજી કરવી પડશે. જો વેચાણ ૧૯૨૭ પહેલાંના હશે તો તે વિષે હજી ત્રણ સાલ સુધી દખ્ખણના કાયદા મુજબ દીવાની કોરટમાં દાવો મૂકી શકાશે.

જો આ મુદ્દાની બાબતોમાં ખેડુતો આજે બેદરકારી રાખશે તો તેમના જમીનના હક્ક કાયમને માટે ડૂબી જશે અને પછી જમીન કદી પણ પાછી મેળવી શકાશે નહિ.

દેવાંની ભઠ્ઠી

આમ આ કાયદાનો અમલ શરૂ થતાં અને તાલુકે તાલુકે આવી કમીટીઓ નીમાતાં, લાખો ખેડુતોનાં રૂ. ૧૫૦૦૦ સુધીની રકમનાં

તમામ નવાં જુનાં લહેણાં, દેવાં, હુકમનામાં અથવા તેના પત્યો ના હોય તેટલો ભાગ, ૧૯૨૭ પછીનાં વેચાણ અને ૬૦ વરસ સુધીનાં સાદાં કે કબજા સાથેનાં ગીરો, અને આ તમામ બાબતો સંબંધી જુના નવા દસ્તાવેજ, ખત, પત્રક, ચોપડા, કાગળીઆં બધું એક મોટી ભઠ્ઠીમાં નંખાશે. ચાલુ કોરટોમાં તે સંબંધી બધું કામ બંધ થશે ને તેનાં કાગળીઆં પણ આ ભઠ્ઠીમાં પડશે. પછી કમીટી તેને પોતાની ચોકકસ રીતે ગાળશે. તેમાં ભારે દેખાતાં દેવાંનો ઘણો ભાગ બળીને ભસ્મ થઈ જશે અથવા હવામાં ઊડી જશે અને જે કંઈ ચોખ્ખું રહેશે તેને વળી ખેડુતની ગુંજાયેશ પ્રમાણે કાપી નાખશે અને પછી રહેતી રકમના ૨૫ વરસ સુધીના વરસ વરસના હપ્તા કરી આપશે.

આ કાયદા મુજબ તમામ જુનાં નવાં લહેણાંદેણાં, સાદાં ગીરો, કબજાગીરોના અને નવા વેચાણના દસ્તાવેજ, અણપતેલાં હુકમનામાં ને તેના હમા આ બધું નવી કમીટી-પંચો આગળ રજુ થશે. સરકારી ખાનગી કાગળો અને દસ્તાવેજોના મોટા પટારા અને ગોદામ ભરાશે. તેનો ઉકેલ કમીટીઓ કેવી રીતે કરશે તે હવે જોઈએ.

સમાધાનથી સાવધાન

આ તપાસની શરૂઆત થતાં પહેલાં કે તે દરમિયાન શાહુકાર અને ખેડુત જો કંઈ સમાધાન પર આવી જાય અને તે કમીટી આગળ નોંધાવવાને રીતસર અરજી કરે તો કમીટી તેની વિગતોમાં ઉતરશે. જો તે સમાધાન કોઇ બીજા લહેણદારના હક્ક ડુબાવવાને નથી કર્યું અને તેથી ખેડુતનું ખરેખરૂં હિત સધાય છે એવી ખાતરી કમીટીને થાય તો તે સમાધાનને મંજુર કરી તે મુજબ હુકમ પસાર કરશે. અને તે બંને પક્ષને બંધનકારક ગણાશે.

પણ આ બાબતમાં ખેડુતોએ ખાસ સાવચેત રહેવાની જરૂર છે. શાહુકારો તેમના ચોપડાનું પોકળ જાણે છે અન વળી આ

કાયદા મુજબ પહેલેથી હિસાબ લેતાં તેમાં ભારે કાપ પડશે એ સમજે છે. તેથી રૂ. ૫૦૦ નું દેવું ચોપડામાં લખ્યું હોય, ને ખરો હિસાબ લેતાં રૂ. ૫૦–૧૦૦ નીકળે એમ હોય તો રૂ. ૨૦૦–૨૫૦ માં સમાધાન કરવાને ખેડુતને ઘેર ધક્કા ખાઇને પણ ખૂબ સમજાવશે ને લલચાવશે. વળી ગીરો રાખેલી જમીન પણ પાછી આપવાનાં સવાસલાં કરશે. પણ ખેડૂતોએ આ કાયદાનો પૂરો ખ્યાલ રાખીને આવી કપટજાળમાં કદી ફસાવું નહિ અને પોતાની કમીટી અને સલાહકારોની મદદથી હિસાબ તપાસ્યા સિવાય કોઇ પણ સમાધાન પર સહી–અંગુઠા કરવા નહિ.

તેજ પ્રમાણે કમીટી આગળ તપાસ ચાલતાં જો ખેડુત શાહુકારની ભંભેરણીથી તેનું લહેણું કબૂલ કરી દેશે અને તેવી કબુલાત પોતાની રાજીખુશીથી ખેડુત કરે છે એમ જો કમીટીને લાગશે તો તે વધારે ઊંડી ઉતરશે નહિ. માટે આવી કબુલતો ખેડુતોએ કરવી નહિ અને પોતાની સભા કે કમીટીને પૂછીને જ પગલાં ભરવાં.

આવી બાબતમાં કાયદા મુજબ કમીટીને બનતી તપાસ કરવાની છે. પણ તેને તો હજારો ખેડુત શાહુકારોના ઝઘડા પતાવવાના આવશે અને હજારો લાંબો દસ્તાવેજો–ચોપડા–કાગળીઆં તપાસવાના આવશે. તેથી તે તો બને તેટલી કબુલતો, સમાધાન ને કદાચ કરારદાદ ઝટઝટ થાય તેમાં રાજી રહેશે. માટે આ બધી બાબતમાં ખેડુતોએ જ સાવધાન રહેવું જોઈએ.

હુકમનામાં પર કાપ

હવે પ્રથમ તો જુનાં નવાં હુકમનામાંની રકમો પર કેવો કાપ મુકાશે તે જોઇએ. આ હુકમનામામાં મુદ્દલ ને વ્યાજની જે રકમ ઠરાવી હશે તેમાં નીચે મુજબ કાપ મુકી શકાશે:

(૧) હુકમનામાંથી સને ૧૯૩૦ ના જાનેવારીની પહેલી તારીખ પહેલાંના લહેણાં દેવાંનો ફેંસલો થયો હશે તો સન ૧૯૩૧ની

જાનેવારીની પહેલી તારીખે નીકળતા મુદ્દલ ને વ્યાજની કુલ રકમમાં ૪૦ ટકાનો કાપ મુકાશે.

(૨) જો ૧૯૩૦ ની જાનેવારીની પહેલી તારીખ પછીનાં લહેણાં દેવાંનું હુકમનામું થયું હશે તો તેમાં જણાવેલા મુદ્દલ ને વ્યાજ દરેકની રકમમાં ૩૦ ટકાનો કાપ મુકવામાં આવશે.

(૩) જો લહેણું-દેવું ૧૯૩૧ ના જાનેવારીની પહેલી તારીખે કે તે પછી થયું હોય તો તેના હુકમનામાંમાંથી જેમાં વધારે વ્યાજ આપ્યું હોય તો તે કાપીને નવ ટકા પ્રમાણે ગણવું પડશે.

ચોપડાના લહેણાં પર કાપ

ખેડુતોએ ખાતાં પાડીને કે, જમીન કબજા સામે કે તે વગર ગીરો મૂકીને કે બીજી રીતે દેવું કર્યું હોય તેનો હિસાબ નીચે પ્રમાણે લેવામાં આવશે:

(૧) દરેક ખાતાં કે ગીરોનો હિસાબ કમીટી, શાહુકાર ને ખેડુત વચ્ચેની લેવડદેવડની શરૂઆતથી કરશે. માત્ર ૨૦ વરસ પર થયેલા હિસાબ પર દેણદાર ખેડુતે સહી કરી હશે તો તેની પાછળ જઈ શકાશે નહિ

(૨) સન ૧૯૨૭ ના જાનેવારીની પહેલી તારીખ પછી થયેલાં જમીનનાં વેચાણખતને ગીરો ઠરાવવાને આ કમીટી આગળ અરજી થઈ શકશે. આવા વેચાણ દસ્તાવેજને ગીરો ઠરાવવાને હજી ત્રણ વરસ સુધી દીવાની કોરટ આગળ જઈ શકાશે.

(૩) હવે શરૂઆતમાં જે રકમ રોકડ કે માલના રૂપમાં ખેડુતે લીધી હશે તેને જ મુદ્દલમાં ગણવામાં આવશે. તે ઉપરાંત વખતો-વખત વ્યાજની ચઢી ગએલી રકમ મુદ્દલમાં ઉમેરી હશે તો તેને છુટી પાડીને વ્યાજના જુદા હિસાબમાં ગણવામાં આવશે. ચક્રવર્તી વ્યાજ ગણી શકાશે નહિ.

(૪) સન ૧૯૩૧ના જાનેવારીની પહેલી તારીખ પહેલાંની બધી મુદ્દલ રકમ પર દર સાલ વધારેમાં વધારે ૧૨ ટકા વ્યાજ ગણાશે ને તે પછીનાં મુદ્દલ પર ૯ ટકાનો દર ગણાશે.

(૫) ઉપર મંજુર કરેલા વ્યાજ કરતાં વ્યાજ, કે સાંથ પેટે રોકડ, કે માલમાં જેટલી વધારે રકમ લેવામાં આવી હશે તેટલી તે સાલે મુદ્દલ પેટે જમા કરવામાં આવશે.

(૬) આવી રીતે હિસાબ કરતાં સન ૧૯૩૧ ના જાનેવારીની પહેલી તારીખે જે મુદ્દલ ને વ્યાજની જુદી જુદી રકમ નીકળશે તે દરેકમાં ૪૦ ટકાનો કાપ મૂકવામાં આવશે અને તે પછી થયેલી લેવડદેવડનો હિસાબ લેવામાં આવશે ત્યારે નીકળતા મુદ્દલ ને વ્યાજ દરેકની રકમમાં ૩૦ ટકાનો કાપ મૂકવામાં આવશે.

(૭) આમ બધો હિસાબ લેતાં અને ખેડુત તરફથી મળેલી રકમો જમે કરતાં જે મુદ્દલ ને વ્યાજની રકમ કમીટી નક્કી કરશે તેમાં જો વ્યાજની રકમ મુદ્દલની રકમ કરતાં વધારે માલમ પડશે તો મુદ્દલની રકમથી બેવડી રકમ ખેડુતના કુલ્લ દેવા પેટે નક્કી કરવામાં આવશે.

સરકારી-સહકારી દેવાં

ઉપર મુજબ હિસાબ લેતાં ઘણાં દેવાં છૂટી જાય અથવા તેમાં સખ્ત કાપ પડશે પણ આટલેથી કમીટીની તપાસ પતવાની નથી.

આ કમીટી આગળ કોઇ ખેડુતની કે તેની વિરૂદ્ધ અરજી થશે કે તરત તે કલેકટરને લખીને તેની ઉપર નીકળતા જમીન મહેસુલ, તગાવી, નહેરના દર વગેરે સરકારી દેવાંનો આંકડો પુછાવશે. તે જ પ્રમાણે લોકલ બોર્ડ, સહકારી મંડળીઓ વગેરેને પુછાવી તેમની નીકળતી રકમોની તપસીલ મંગાવશે. ને તેમાં કેટલી છુટછાટ મૂકવા તેઓ તૈયાર છે તે પણ સમજી લેશે.

ખેડુતની મગદુર

આ બધા સરકારી અને શાહુકારી દેવાંનાં આંકડા નક્કી કરીને કમીટી ખેડુત કેટલું આપી શકશે, તેની મગદુર કેટલી છે તે ઠરાવશે. કારણ કે કોઇને માથે ભારે દેવું વ્યાજબી રીતે પણ નીકળતું હોય તો, તે પણ તેની મિલ્કત ને સ્થિતિ જોઇને વસુલ કરવાનું આ કાયદાએ ઠરાવ્યું છે. તે માટે નીચેના નિયમો ગણાવ્યા છે.

(૧) પ્રથમ તો દીવાની કાયદા મુજબ હળ, બળદ, વગેરે ખેડુતની જે મિલ્કતની જપ્તી થઇ શકતી નથી તે મિલ્કતની ગ તરી કરવામાં આવશે નહિ.

(૨) વળી ગીરો જમીન પર નીકળતી સરકારી મહેસુલની ને લોકલ બોર્ડના કરની રકમ તે જમીનની કિંમતમાંથી બાદ કરવામાં આવશે.

(૩) ગીરો ન હોય એવી સ્થાવર ને જંગમ મિલ્કતની કિંમત-માંથી સહકારી મંડળી વગેરેનાં નીકળતાં નાણાંની રકમ બાદ કરવામાં આવશે.

(૪) આમ કપાતી મિલ્કતની કિંમત પરથી ખેડુતની મગદુર નીચે પ્રમાણે નક્કી થશે.

(અ) ગીરો મિલ્કતની કિંમતની ૮૦ ટકા રકમ કાઢવી અને તે ગીરો રકમથી જો વધારે હોય તો તેટલી વધારાની રકમ.

(આ) ગીરો ન હોય એવી બધી સ્થાવર મિલ્કતની ૮૦ ટકા જેટલી રકમ.

(ઇ) બીજી જંગમ મિલ્કતની ૮૦ ટકા જેટલી રકમ.'

આ ત્રણે રકમને સરવાળે નીકળતી રકમ એ ખેડુતની ખરી મગદુર ગણાશે.

મગદુર પ્રમાણે વધુ

આમ એક બાજુએ ખેડુતની મગદુર અંકાશે ને બીજી બાજુ એ ખેડુત પર નીકળતી હુકમનામાં ને દેવાંની કાપેલી રકમ મુકાશે. જો દેવાંની રકમ મગદુર કરતાં વધારે હશે તો તેમાં વળી નીચેના નિયમ પ્રમાણે કાપ મુકાશે.

(૧) જો ખેડુતના દેવાંનો કંઇ બોજો જમીન પર ગીરો દસ્તાવેજથી મૂકયો નહિ હોય તો કુલ દેવું કાપીને ખેડુતની મગદુરની રકમ પર લાવી મૂકવામાં આવશે.

(૨) જો ખેડુતનું બધુ દેવું ગીરો ખતનું હશે તો દેવાંની કુલ રકમ કાપીને ખેડુતની મિલ્કતના ૮૦ ટકા રકમ પર લાવી મુકવામાં આવશે.

(૩) જો ખેડુતનાં કેટલાંક દેવાં ગીરો ખતનાં હશે ને બીજા કેટલાકનું ભારણ મિલ્કત પર નહિ હોય તો પ્રથમ ગીરો રકમને કાપીને ગીરો મિલ્કતની કિંમતના ૮૦ ટકા પર ઉતારવામાં આવશે. અને પછી બાકીનું દેવું કાપીને બાકીની મિલ્કતની કિંમતનાં ૮૦ ટકા પર લાવવામાં આવશે.

કમીટીનો ફેંસલો

આવી રીતે લંબાણ તપાસને પરિણામે કમીટી દેવાંની રકમમાં અનેક જાતની કાપકુપ કરીને એક રકમ નક્કી કરશે ને પછી તેણે નોંધેલી ખેડુતની કુલ મિલ્કતમાંથી તે વસુલ કરવાને નીચેનો ક્રમ ઠરાવશે.

(૧) ચાલુ સાલનું સરકારી મહેસુલ વગેરે દેવું પ્રથમ અપાશે.

(૨) લોકલ બોર્ડના ચાલુ કર

(૩) સહકારી મંડળીનું લહેણું

(૪) ગીરો ખતનું લહેણું

(૫) સરકાર, લોકલબોર્ડ અને સહકારી મંડળીનાં પાછલાં દેવાં

(૬) ગીરો દસ્તાવેજ વગરનાં દેવાં.

દેવાંના હપ્તા

આવી બધી કારવાહી કર્યા પછી ખેડૂતને આપવાની જે રકમ નીકળશે તેના વ્યાજબી હપ્તા નક્કી કરવામાં આવશે. આ કાયદા પ્રમાણે વધારેમાં વધારે ૨૫ વરસના હપ્તા નક્કી કરી શકાશે. ખેડૂતોએ આ કલમનો પૂરો લાભ લેવાને આગ્રહ કરવો જોઇશે. જેથી હળવે હળવે ને આરામથી બાકીનું દેવું આપી શકાય.

પણ આથીએ વધારે મહત્ત્વની કલમ તો હપ્તાની રકમ વિષે છે. કલમ ૫૪ જણાવે છે કે "ખેડુતની વાર્ષિક ચોખ્ખી આવકથી વધારે રકમનો હપ્તો ઠરાવી શકાશે નહિ. વળી ચોખ્ખી આવકની ગણત્રી કરવા માટે ખેડુતની કુલ આવક ઠરાવવી પડશે અને તેમાંથી ચાલુ ખેતીને અંગે થએલું દેવું અને તેનાં બૈરાંછોકરાં, કુટુંબનો નિર્વાહનો ખર્ચ પણ બાદ કરવો પડશે. પછી જે વધારાની રકમ રહે તેમાંથી આપી શકાય તેવો જ હપ્તો આ કમીટી ઠરાવી શકશે."

હાલના સંયોગોમાં ખેતીની આવકમાંથી તેનો પૂરો ખરચ પણ મળતો નથી. તો પછી ગુજારાનો પૂરો ખર્ચ તો મળે જ ક્યાંથી? આ સંયોગોમાં ખેડુતોએ આ કમીટી આગળ હપ્તા બને તેટલા કપાવવાને ખાસ આગ્રહ કરવો પડશે.

વળી હપ્તો નક્કી થયા પછી પણ જે સાલ સરકારી મહેસુલ અડધું કે વધારે મુલતવી રહે કે માફ થાય તે સાલ પછીના હપ્તા એક એક વરસ માટે મુલતવી રહેશે.

જમીનો પાછી મળે

વળી આ સંબંધમાં બીજી મહત્ત્વની કલમ તો એ છે કે ગીરો મૂકેલી જમીનોનો બધો હિસાબ થયા પછી ખેડુતને તે પાછી સોંપવાની શરતો કમીટી નક્કી કરશે. તેમાં ખાસ ઉમેર્યું છે કે ગીરોની મુદત પૂરી થઈ નથી અથવા તે પેટે ધીરેલી રકમ પૂરી મળી નથી એ કારણસર જમીન પાછી આપવાનું અટકાવી શકાશે નહિ.

આ ઉપરથી ચોખ્ખુંજ છે કે, વરસોથી ખેડૂતોને ખોવાઇ ગયેલી જમીનો, ખેડુતોને પાછી અપાવવાનો કાયદાનો ઇરાદો છે. વળી ઘણે ઠેકાણે ગીરો મુકેલી જમીનો ખેડુતો આજે ઓશીઆળા—પરાધીન ગણોતિયા, ભાગીયા, ખેડુતો તરીકે ખેડે છે. તેમને પૂરી માલિકીનો હક્ક સોંપવામાં આવશે અને તેમને દર સાલ ભરવાની રકમ પણ કાપી નંખાશે.

પણ આ કલમોનો લાભ મેળવવાને પણ ખેડુતોએ સાવચેત રહીને કમીટી આગળ ખાસ આગ્રહ કરવો પડશે.

ખેડુતોનું દેવાળું

આ કાયદામાં છેવટે ખેડૂતને દેવાળીઓ ઠરાવવાની કલમો મુકેલી છે. ખેડુત સિવાયના શાહુકાર વગેરે બીજા ધંધાદારીઓ પોતા-નાં દેવાં તેમની મિલકત કરતાં વધી જાય છે ત્યારે તેમાંથી છુટવાને પાઘડી ફેરવે છે. ને છતાં છુપી રીતે થોડી મિલકત સાચવીને મોજ કરી શકે છે. પણ ખેડુતની તો જમીન ઢોર વગેરે મિલકત છુપાવી શકાય નહિ તેથી તેઓ દેવાળું કાઢી શકતા નથી. તેથી છેક ગરીબ ખેડૂતોને જપ્તી ને લીલામના હંમેશના ત્રાસમાંથી છોડાવવાને આ કાયદામાં એવું ઠરાવ્યું છે કેઃ

(૧) જે ખેડુતની મિલ્કતમાંથી તેનું ઘટાડેલું દેવું પણ કોઇ રીતે આપી શકાય એમ ન હોય, અથવા

(૨) જે વાર્ષિક રૂ૫ હપ્તાથી પણ પોતાનું દેવું આપી શકે એમ ન હોય, અથવા

(૩) જે લાગલાગટ બે હપ્તા આપી શકયો નહોય

એવા ખેડુતોને કમીટી કે પછી કોરટ દેવાળીઓ ઠરાવી શકશે.

આવા ખેડુતની મિલ્કતનો અડધો ભાગ કોરટ હરાજ કરીને તેમાંથી તેની કુલ દેવાની બની શકે તેટલી આની ચુકવશે અને બાકીની મિલ્કત પર પછી જપ્તી વગેરે કંઇ કારવાઇ થઇ શકશે

નહિ. ૫ જો ખેડુતની અડધી મિલ્કત પણ નહેરના પીતની ૬ એકર કે સુકી ૧૯ એકરથી અથવા ૩૦ રૂપિયાના આકાર કરતાં વધારે હશે તો વધારાની જમીન પણ લહેણાં પેટે લેવાશે. દેવાળાંની આ કલમો આબરૂદાર ખેડુતના દીલમાં ખટકે; છતાં એકંદર તેના લાભની જ છે એમ સમજીને જરૂર પડે ત્યારે તેનો લાભ લેવાને તૈયાર રહેવું.

રાહતનો સાર

આમ આ કાયદાથી ખેડુતને એકંદર દેવાંમાં જે રાહત મળે છે તેનો સારાંશ ... જબ આપી શકાય.

(૧) સન ૧૯૩૦–૩૧ પહેલાંનાં દેવાં ને હુકમનામાંની મુદ્દલ અને વ્યાજની રકમમાં ૪૦ ટકાનો અને નવાની રકમમાં ૩૦ ટકાનો કાપ પડશે.

(૨) સન ૧૯૨૭ પછીના વેચાણખતને ગીરો ઠરાવવાને અને ૬૦ વરસ સુધીના ગીરોને કમિટીમાં રજૂ કરી જમીનો પાછી મેળવવાને અરજી કરી શકાશે.

(૩) સન ૧૯૩૦ પહેલાંના ગીરોખત ને બીજાં લહેણાં ઉપર, સાંથ કે વ્યાજ ૧૨ ટકા લેખે અને નવાં પર ૯ ટકા લેખે ગણાશે અને તેથી વધારે લેવાયું હશે તે મુદ્દલ પેટે જમા થશે. વ્યાજનું વ્યાજ લઈ શકાશે નહિ.

(૪) આ પ્રમાણે લહેણું દેવું ઘટયા પછી પણ તેને કાપીને ખેડૂતની મિલકતના ૮૦ ટકા પર લાવવામાં આવશે.

(૫) પછી તે લહેણાંના વધારેમાં વધારે ૨૫ (પચીસ) હપ્તા થઈ શકશે. ખેડૂત પાસે પોતાનો ખેતીનો ખર્ચ અને પોતાના કુટુંબના નિભાવ ખર્ચ પછી વધારાની જે રકમ બચત રહે તેમાંથી આપી શકાય એવી જ રકમનો હપ્તો કરાવી શકાશે.

(૬) ખરાબ વરસમાં સરકાર ધારો અડધો કે વધારે મુલતવી રહે કે માફ થાય ત્યારે તે સાલના અને પછીના દેવાના હપ્તા એક વરસ માટે મુલતવી રહેશે.

લાભ કેમ લેશો ?

આ કાયદાનો સાર સમજતાં દરેક દેવાંદાર ખેડુતને પોતાની ગયેલી જમીનો પાછી મેળવવાની અને દેવાં-હુકમનામાંમાં સજ્જડ કાપ મુકાવવાની તાલાવેલી થશે. પણ જેમ કોઇ રાંધીને મૂકે તોયે પોતાનો હાથ લંબાવ્યા વિના મોંમાં કોળીયો પડતો નથી તેમ ખેડુતોને જાતે મહેનત કર્યા વિના આ કાયદાનો લાભ મળશે નહિ. શાહુકારો વધારે હોંશિયાર હોવાથી ખેડુતને મોઢે આવેલો કટોરો ઝુંટાવવાને બનતી તરકીબો અને છેતરપંડી કરશે. તેથી તેમના દાવમાં ન ફસાતાં દેવામાં સારી રાહત મેળવવાને અભણ ને ગરીબ ખેડુતોએ ભેગા મળીને આજથી જ પોતાનું સંગઠન કરવું જોઇશે અને દસ્તાવેજો-કાગળો ભેગા કરવા પડશે.

સર્કલવાર કિસાન-કમિટીઓ

આ કાયદા મુજબ દેવાંનો ફડચો કરવાને, તાલુકાવાર નહિ પણ ૨૦-૩૦ ગામડાના સર્કલ-ગાળાવાર સરકાર તરફથી કમિટીઓ નીમાશે. તેથી ખેડુતોએ પણ સર્કલવાર પોતાનો કેસ રજુ કરવાને પોતાની કમિટીઓ ચૂંટી કાઢવી જોઇશે.

સદ્ભાગ્યે કિસાન સભાએ તો સર્કલવાર ખેડુતોનું સંગઠન કરવાનું બંધારણ ઘડયું છે. તેનો અમલ કરવાની ઘડી હવે આવી પહોંચી છે. તેથી તાલુકાના બધાય સર્કલના ઓછામાં ઓછા ૧૦૦ ખેડુતોએ-અને બને તેટલા વધારેએ એક આનાની ફી આપી પહોંચ લઈ કિસાન સભામાં નામ નોંધાવવાં. અને પછી તેમણે બંધારણ

મુજબ ઓછામાં ઓછા સાત અને વધારેમાં વધારે ૧૫ સભાસદોની કમીટીઓ ચૂંટી કાઢવી.

જે તાલુકામાં કિસાન સભા સ્થપાઈ હોય તેના આગેવાનો સર્કલવાર આવું ઘડતર કરવામાં મદદ આપે. જો તાલુકામાં સભા ન હોય તો તે જીલ્લાના કિસાન કાર્યકર્તાઓ આવી કમીટીઓ સ્થાપવાની તજવીજ કરે.

આવી રીતે સર્કલવાર કિસાન કમીટી સ્થપાય ત્યારે અને ત્યાં સુધી તેના મંત્રી, સહમંત્રી વગેરે અધિકારીઓ ચૂંટવા અને તેમણે આ કાયદાનો પૂરો અભ્યાસ કરીને તે વિષે આખા ગાળાના ખેડુતોને તે વિષે પૂરી માહિતી આપવી અને તેમના હક્ક અને સાંપડેલી તક વિષે જાગૃત કરવા.

સર્કલવાર કિસાન કચેરી

વળી હવે માત્ર સભાઓ ભરીને માત્ર ચર્ચા કે ચળવળ કરવાની નથી. તેમ માત્ર ઠરાવો કે માગણીઓ મંજુર કર્યે વળવાનું નથી. રોજ રોજ હજારો ખેડુતોના લહેણાં દેવાં વિષે અરજીઓ અને તપાસ કરવાની આવશે. તેથી સર્કલના જે ગામે કિસાન કમીટીના મંત્રી કે આગેવાન કાર્યકર્તાઓ રહેતા હોય કે કામ કરી શકે એમ હોય ત્યાં એક ઓફીસ રાખવી અને તેને કિસાન કચેરીનું નામ આપવું.

આવી કચેરી સ્થપાય એટલે તે વિષે એક જાહેરખબર બહાર પાડીને તે ગાળાના તમામ ખેડુતોને ગીરો, દેવાં, લહેણાં વગે સલાહ લેવા બોલાવવાનું અને તેમની પાસે જે કંઇ કાગળ, પહોંચો, દસ્તાવેજો, હુકમનામાં જુનાં કે નવાં જે હોય તે લાવવા કહેવું.

કોઇ નાના મોટા ગામમાં ઘણા ખેડુતો સલાહ લેવા માગતા હોય તો તે ગામે બે એક દિવસ એ આગેવાન કાર્યકર્તાએ જઇને રહેવું અને બધા કાગળો ભેગા કરવામાં મદદ કરવી.

દસ્તાવેજો હુકમનામાંની નકલો.

આવી રીતે કામ કરતાં માલમ પડશે કે ઘણા ખેડુતોને તો પોતે કે બાપદાદાએ સહી કરેલા વેચાણ–ગીરો દસ્તાવેજોની પૂરી ખબર નથી. આવા સંયોગોમાં ખેડુતોની પાસે ગામ તલાટી પર અરજી કરાવીને તેમના રેકર્ડ કે કાયમ ખરડાની નકલ લેવી પડશે અને તેમાં ગીરો, વેચાણ દસ્તાવેજની તારીખ–વરસ હોય તે જોઇને તાલુકા કે જિલ્લાની કચેરીએથી રજીસ્ટર કરેલા ગીરો–વેચાણના દસ્તાવેજની નકલ લેવી પડશે.

ખેડુતોએ ખાસ સમજવાની જરૂર છે કે આવી નકલો સિવાય જમીનો વિષે કોઈ અરજીઓ ફડચા કમીટીઓ આગળ થઈ શકશે નહિ. ને તે નકલો કચેરીએથી મેળવવાનો ખરચ પણ ખેડુતોએ પેટે પાટા બાંધીને પણ જાતે જ કરવો પડશે.

તે જ પ્રમાણે ખેડુતોની સામે થયેલાં જે હુકમનામાં પૂરાં પત્યાં ન હોય, જેના થોડા હપ્તા પણ બાકી રહ્યા હોય તેની નકલ મુન્સફની કોરટમાંથી લેવી પડશે ને તેની અમલ બજાવણી અટકાવવાને ફડચા કમીટીને અરજી કરવી પડશે.

દરમ્યાનમાં ખેડુતોની સામે ખાતા–ચોપડામાં નીકળતાં લહેણાં વસુલ કરવાને શાહુકારો ફડચા–કમીટીઓ આગળ અરજી કરશે. તેઓ તેમ ન કરે તો તેમનાં લહેણાં બુડી જાય એમ છે તેથી તે વિષે ખેડુતોએ કોઈ અરજી કરવાની જરૂર રહેશે નહિ.

કિસાન કચેરીઓના કારભારીઓ

આવી રીતે આવા સર્કલમાં રેકર્ડ, દસ્તાવેજો, હુકમનામાંની નકલો મેળવવાને સેંકડો–હજારો અરજીઓ કરવી પડે–ને તેમની દાદ ફરિયાદો સાંભળવી પડે તે બધું કામ કોણ કરશે?

ઉપર સર્કલના એક મુખ્ય ગામે–કચેરી સ્થાપવાનું લખ્યું છે. કદાચ બીજાં મોટાં ગામોએ પણ નાની નાની કચેરીઓ સ્થાપવી પડશે. તે બધાની ઉપર ખેડુતોની દાદ ફરિયાદ સાંભળવાનું, અરજીઓ લખવાનું, તાલુકા–જીલ્લાની સરકારી કચેરીઓ પર જઈ તપાસ કરવાનું ભારો ભાર કામ આવી પડશે.

આ બધું કામ પૂરો વખત સેવા કરનાર કોઇ એક મંત્રી કે આગેવાન પણ ન કરી શકે ને ઘણે ઠેકાણે પૂરો વખત કોઈ આપી પણ ન શકે. તેથી ખરૂં જોતાં સર્કલની કિસાન કચેરી દીઠ એક કે વધારે થોડો ઘણો પગાર કે ખરચ લઈ કામ કરનાર કારભારીઓ જોઈશે. તલાટી મામલતદાર સિવાય સરકારી કચેરી ન ચાલે તેમ કિસાનસેવક કે કારભારી સિવાય કિસાન કચેરી નહિ દીપે.

વળી આવા તાલુકાના બધાં સર્કલની કચેરીઓ ને તેના કાર્યકર્તાઓને સલાહ સૂચના આપવાને કિસાન નિરીક્ષક કે અગ્રેસર જોઇશે ને તેમને પગાર નહિ તો એ મુસાફરીનું ખરચ તો આપવું જ જોઈશે.

વકીલ મુખત્યાર જોઇશે

આમ આ કચેરીઓ હજારો ખેડુતોનાં કાગળિયાં દસ્તાવેજ તૈયાર કરી શકશે. પણ તે વિષે ફડચા કમીટી આગળ રીતસર અરજી ઘડી આપવા માટે વકીલ મુખત્યારની જરૂર તો પડશે જ. તે જ પ્રમાણે શાહુકારોના લહેણાંની નોટીસો ખેડુતોને મળશે તેના રીતસર જવાબ ઘડી આપવાને માટે પણ વકીલોની જરૂર પડશે જ.

ફડચા કમિટી આગળ કામ નીકળશે ત્યારે વકીલોને ત્યાં હાજર રહેવાની બંધી કરી છે. પણ તેમાં એવું પણ જણાવ્યું છે કે જ્યાં એક પક્ષ–ખેડુત અભણ કે અજ્ઞાન હોય ત્યાં તેને મદદ આપવાને વકીલને રોકી શકાશે.

કાયદામાં આ બારી રાખી છે તેનો લાભ લેવાને ખેડુતોને વકીલ કે મુખત્યાર રોકયા સિવાય છુટકો નથી. શાહુકારો પોતે ભરપટ્ટ પૈસા ખરચીને તેમજ વકીલોની ખાનગી સલાહ લઈને પોતાનો કેસ ઘણી ઉસ્તાદીથી રજુ કરશે. તેથી તેમનો સામનો કરવાને લખી વાંચી પણ ન શકે એવા હજારો ખેડુતોને પોતાના જ ખાસ વળના વકીલ રોકયા સિવાય ચાલશે નહિ.

હવે આ દરેક સર્કલમાં ફડચા કમીટીનું કામ વરસ–બે વરસ ચાલે તે દરમિયાન ઓછામાં ઓછા એક બે વકીલ ને એક બે ગુમાસ્તા રોકવા પડશે. ને તેઓ કંઇક સેવાભાવથી કામ કરે એવા હોય તો યે તાલુકાના કે સર્કલના નાના ગામે લાંબો વખત કામ કરવાને ખરચ પેટે પણ તેમને કંઇક ઠીક રકમ આપવી જોઇશે.

કિસાન ફાળો ઉઘરાવો

આમ કિસાન–કચેરીઓ ચલાવવાને, તેના કારભારીઓ નીભાવવાને, ગરીબ ખેડુતોના સ્ટાંપ વગેરેની રકમ પણ ખાસ સંજોગામાં આપવાને અને છેવટે વકીલ મુખત્યારો રોકવાને દરેક સર્કલમાં કિસાનસભાને સારી જેવી રકમ જોઈશે જ એ તો દેખીતું છે. ને તે રકમ ખેડુતોએ પોતે જ ગામેગામથી ફાળો નાંખીને ભેગી કરવી પડશે એ ચોક્કસ છે.

ખેડુતોને લાખો રૂપિયાના ગએલી જમીનો પાછી મેળવવી છે અને લાખોનાં દેવાં ને હુકમનામાં રદ કરાવવાં છે કે તેમાં કાપ મુકાવવો છે. વળી આ કાયદો અમલમાં આવશે એટલે નાના મોટા તમામ ખેડુતોનાં હુકમનામાંને અંગે બધી જપ્તીઓ, લીલામ વગેરે બંધ થઈ જશે. વળી તેમને દેવું કે ગીરો જમીનની સાંથ આપવાની જરૂર રહેશે નહિ; ને તે પેટે કંઈ તગાદો કે દાવો થશે નહિ. આમ જે રકમ બચત રહેશે તે ખેડુતો કાયમની રાહત મેળવવાને આપી શકશે

ખેડુતોએ સમજવું જોઈએ કે તેમની જમીનો પાછી મેળવવાને કે તેમનાં દેવાં નાબુદ કે કમી કરાવવાને મુંબઈ અમદાવાદના શ્રીમંતો કંઈ પૈસા આપવાના નથી. તેમણે હવે તેમના પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોશે અને સર્કલવાર જે થોડોઘણો ખરચ કરવો પડે તેનો બોજો તેમણે જ ઉઠાવવો જોઈશે.

વિરાટ શક્તિ કેળવો

આમ ગામ ગામડે કિસાન સભા જમાવતાં, સર્કલવાર કિસાન કચેરીઓ ચલાવતાં અને કાયદેસર તેમજ સંઘશક્તિથી જમીનો અને દેવાંની લડત લડતાં કિસાનોને પોતાની પ્રચંડ શક્તિનું ભાન થશે ને તેમનું સંગઠન નક્કર થશે. પછી ગણોત વગેરેના કાયદાનો લાભ સહેજે એ મેળવી શકશે. અને કાયદાથી જે નહિ મળે તે પોતાની વિરાટ શક્તિથી મેળવીને છેવટે ગામડામાં, તાલુકામાં, જિલ્લામાં ને દેશમાં કિસાનરાજ સ્થાપન કરશે.

કિસાનસભા ઝીંદાબાદ

પ્રકાશક—ઇંદુલાલ યાજ્ઞિક પ્રમુખ. ગુજરાત પ્રાંતીક કિસાન સભા પ્રાર્થના સમાજ, આસ્તોડીઆ રોડ—અમદાવાદ.

મુદ્રક—રણછોડભાઇ વાઘજીભાઈ પટેલ શ્રી નારાયણ પ્રિ. પ્રેસ—રસાર સુધારા હોલ મ્યુ. સે. નંબર ૨૪૯૯/૧ ભદ્ર, અમદાવાદ.